જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/03/૨૦૧૯ ગુરૂવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

### નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૭૦/૧૯

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૦૩ કેસ કરી, ૯૨ વ્યક્તિઓને ઝડપી, ૨૦૮ લીટર દેશી દારૂ, ૪૨૪ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૦૨ સ્કૂટર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૧૧ કેસ કરી ૩૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૨૨.૦૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

### તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૭૧/૧૯

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૬૩૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૭૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

### છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૪૭૨/૧૯

**આનંદનગર** : પુરણમલ સ/ઓ સુખારામ પારીક (ઉ.વ.૪૭)(રહે.પ્રેસ્ટીજ બંગ્લોઝ, ઘોડાસર, મણીનગર) એ તા.૧૩/૦૩/૨૦૧૯ નારોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે જુન/૨૦૧૭ થી નવેમ્બર/૨૦૧૮ સુધીના સમયગાળા દરમ્યાન પ્રહલાદનગર મોન્ડીલ સ્કવેર જી/એફ ખાતે આરોપી (૧) સરોજ ટેક્ષટાઇલ પેઢી ના પ્રોપાઇટર સરોજદેવી વા/ઓ મહેન્દ્રકુમાર બંકા (રહે.રબીન્દરનગર મહેશતલા(એમ) સાઉથ-૨૪, પરાગનાસ બરતલા વેસ્ટ બંગાલ) (૨) પુનમ ટેક્ષટાઇલ ના પ્રોપાઇટર પુનમ વા/ઓ જીતેન્દ્રકુમાર બંકા (૩) ગોમતી ટેક્ષટાઇલ જેના પ્રોપાઇટર જીતેન્દ્રકુમાર સ/ઓ મહેન્દ્રકુમાર બંકા (૩)મહેન્દ્રકુમાર સ/ઓ માનીરામ બંકા (તમામ રહે.રબીન્દરનગર મહેશતલા (એમ) સાઉથ-૨૪, પરાગનાસ બરતલા વેસ્ટ બંગાલ) નાઓ ભેગામળી પુરણમલ તથા સાહેદો સાથે વિશ્વાસ કેળવી, કુલ ૨,૪૫,૨૯૨ મીટર કોટન શર્ટીંગ નું કાપડ કુલ કિંમત રૂપિયા ૨,૨૩,૬૯,૨૩૬/- મતાના કાપડની ખરીદી કર્યા બાદ તે પેટે કોઇ ચૂકવણી નહી કરી, તમામ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આર.ચૌહાણ ચલાવે છે.

**કાલુપુર** : રાજુસિંહ રાજકિશોરસિંહ રાઠોડ (ઉ.વ.૪૧)(રહે.મારૂતિનગર સોસાયટી ઓઢવ)એ તા.૧૩/૦૩/૨૦૧૯ નારોજ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે ફેબ્રુઆરી/૨૦૧૬ થી તા.૨૯/૦૪/૨૦૧૬ સુધીના સમયગાળા દરમ્યાન કાલુપુર રીલીફ રોડ પર આવેલ અલ્હાબાદ બેંકમા આરોપી (૧) મદનસિંહ ભેરસિંહ રાજપુત (રહે.પાદશાહ પોળ રીલાયન્સ વેબ વર્લ્ડ રીલીફ રોડ કાલુપુર)(૨) અલ્હાબાદ બેંકના મેનેજર અજયકુમાર શશીભુષણ શર્મા (૩) પાર્થ એન્ટર પ્રાઇઝ નામની ફેકટરીના માલીક જગદીશભાઇ ઇશ્વરભાઇ પટેલ (ઉ.વ..૪૨)(રહે.શિરોમણી એવન્યુ ૧૦૦ ફૂટ વીરાટનગર રોડ ઓઢવ) (૪) હીરાલાલ દેવાસી (રહે.ગામ- જેરોલ તાલુકો- સાંચોર જીલ્લો- ઝાલોર રાજસ્થાન) તથા (૫) નરેશભાઇ વૈષ્ણવ (રહે.વિજયદશમી સોસાયટી રાજદીપ પાર્ક પાસે ને.હા. નં-૮ ઓઢવ) એ ભેગામળી રાજુભાઇની મિલ્કત ઉપર કુલ રૂપિયા ૬૦,૦૦,૦૦૦/- ની લોન પાસ કરાવી રૂપિયા મેળવી લઇ, તેમજ મિલ્કત પેટેના બાકી રહેતા રૂપિયા નહી ચુકવી રાજુસિંહ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.જી.વસાવા ચલાવે છે.

**<u>સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયો :-</u>** **<u>સમાચાર યાદી નં.૪૭૩/૧૯</u>**

**શાહીબાગ** : આનંદીબહેન વા/ઓ ડેવીડભાઇ રાઠોડ (ઉ.વ.૫૨)(રહે.ઓમવિલા ઓમ ટાવરની પાસે બી.એસ.એન.એલ. ઓફીસ પાસે શાહીબાગ) તા.૧૨/૩/૧૯ રાતના ૯/૪૫ વાગ્યાના સુમારે બી.એસ.એન.એલ. ત્રણ રસ્તા રોડ ઉપરથી પસાર થઇ રહ્યા હતા દરમ્યાન એકટીવા ઉપર આવેલ પુરૂષ (૨૫ થી ૩૦ વર્ષના આશરાનો) આનંદીબહેન ના ગળામાંથી સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૫,૦૦૦/- તથા સાહેદના ગળામાં પહેરેલ સોનાની ચેઇન કિંમત રૂપિયા ૨૦,૦૦૦/- મતાની બંને ચેઇનો ખેંચી તોડી લઈ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.એ.દેસાઇ ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૭૪/૧૯</u>**

**ગાયકવાડ હવેલી** : યાસીન અબ્દુલકરીમ બરોડાવાલા(ઉ.વ.૫૨)(રહે.ત્રીજો માળ સના-૩ જાની ના ડેલાની બાજુમા ગાજીપીર જમાલપુર) એ તા.૧૩/૩/૧૯ નારોજ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૩/૦૩/૨૦૧૯ બપોરના ૨/૩૦ થી ૩/૩૦ દરમ્યાન પોતાના મકાનના મુખ્ય દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તીજોરી તથા લાકડાના કબાટમાંથી સોનાના દાગીના કિંમત રૂપિયા ૧,૪૯,૦૦૦/- ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એસ.રાઠોડ ચલાવે છે.

**<u>દાઝી જતાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૪૭૫/૧૯</u>**

**વાસણાઃ** મંજુબહેન વા/ઓ રમેશભાઈ નાયક (ઉ.વ.૪૫) (રહે. ગંગાવાસ નારણભાઈની ચાલી પાસે, ગુપ્તાનગર વાસણા) તા.૧૩/૦૩/૧૯ કલાક ૫/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે રસોઈ બનાવતા હતા ત્યારે ચાલુ પ્રાયમસ પોતાના શરીર ઉપર પડતા, ગંભીર રીતે દાઝી ગયા હતા. સારવાર માટે તેમને વા.સા.હોસ્પીટલ લઈ જતા ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી યુ.આર.ભટ્ટ ચલાવે છે.

**ઉંચાઇ થી પડી જતાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૪૭૬/૧૯**

**એલીસબ્રીજઃ** શાનુભાઈ સુમાભાઈ (ઉ.વ.૪૧)(રહે,પ્રાર્થના તેવીસની સામે ગોતા) તા.૧૩/૦૩/૧૯ સવારના ૮/૩૦ વાગ્યાંના સુમારે સુદામા રેસ્ટોરન્ટ ખાતે કામ કરતા હતા ત્યારે ચોથા માળેથી નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી પર્વતસિંહ વેચાતભાઈ ચલાવે છે.

**અમરાઇવાડીઃ** ચંન્દ્રકાંત જેઠાલાલ પંચાલ (ઉ.વ.૭૪)(રહે.આશ્વી પાર્ક સુમીનનગરની અંદર વસ્રાલ) તા.૧૩/૦૩/૧૯ બપોરના ૩/૩૦ વાગ્યાના સુમારે અમરાઇવાડી મંગલદિપ એપાર્ટમેંટ ત્રીજા માળે આવેલ મકાનની ગેલેરીમાં લોખંડની જાળી ફીટ કરતા હતા ત્યારે પગ લપસી જતા નીચે પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૪૭૭/૧૯**

**ચાંદખેડાઃ** દિલીપકુમાર પ્રેમચંદભાઇ પરમાર (ઉ.વ.૪૬) (રહે. રાજેશ્વરી સોસાયટી ત્રાગડ રોડ રેલ્વે સ્ટેશન સામે ચાંદખેડા) એ અગમ્ય કારણસર તા.૧૩/૦૩/૧૯ કલાક ૭/૪૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાહુલભાઇ જેઠાભાઇ ચલાવે છે.

**રામોલઃ** હેપ્પીબહેન ડા/ઓ અમરતભાઇ પટેલ (ઉ.વ.૨૧) (રહે. હરભોળાનાથ પાર્ક રામરાજયનગર) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૩/૧૯ સાજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ઓ.ભરવાડ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.